| GJDW050008982025 | | | | |
|---|---|---|---|---|
| | કેસ રજૂ તારીખ | ૦૨–૦૭–૨૦૨૫ | | |
| | કેસ દાખલ તારીખ | ૦૨–૦૭–૨૦૨૫ | | |
| | ફેસલ તારીખ | ૦૧–૦૪–૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૯ | ૦૩ |

---

**<u>દ્વારકાનાં મહેરબાન એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ</u>**
**<u>(શ્રી જે.એસ.પ્રજાપતિ) સાહેબની કોર્ટમાં, મુકામ : દ્વારકા સમક્ષ.</u>**

---

**ફોજદારી કેસ નં. ૬૮૦/ ૨૦૨૫.**
**આંક :– ૨૩**

**<u>ફરિયાદી:</u>** **બાલાભાઈ રાજાભાઈ કાછેલા,**
ઉંમર વર્ષ : આશરે : ૧૯, ધંધો : વેપાર,
ઠેકાણું : જલારામ સોસાયટી,
રહેવાસી : દ્વારકા, ૩૬૧૩૩૫,
તાલુકો : દ્વારકા, જિલ્લો: દેવભૂમિ દ્વારકા.

**વિરુધ્ધ**

**<u>આરોપી:</u>** **ધનાભાઈ મુરાભાઈ ચાનપા,**
ઉંમર વર્ષ : આશરે : ૪૬, ધંધો : કડીયા કામ,
ઠેકાણું : ગઢેચી, રહેવાસી : ગઢેચી : ૩૬૧૩૩૫,
તાલુકો : દ્વારકા, જિલ્લો : દેવભૂમિ દ્વારકા.

---

**ગુન્હો :** **એન.આઇ.એક્ટની કલમ ૧૩૮ મુજબની ફરિયાદ**

---

-----------------------------------------------------------------------------------

**એડવોકેટસ એપીયરન્સીશ:–**
**ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન  વકીલ શ્રી  એચ. પી. કેર,**
**આરોપી પક્ષ તરફે વિદ્વાન  વકીલ શ્રી ડબલ્યુ. એ. અંસારી**

-----------------------------------------------------------------------------------

**::–  ચુ કા દો  –::**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરિયાદીનું કન્સ્ટ્રકશનનું કામ રાખેલ હતું અને આ કામનાં આરોપીએ ફરિયાદી સાથે અસરપરસ સમજુતીનો કરાર પણ થયેલ હતો, જે અરસપરસ સમજુતિનો કરાર તા.૦૯–૧૨–૨૦૨૪ના રોજ નોટરી શ્રી સંજય પી. રાયઠઠ્ઠા સમક્ષ, બૂક નં.૦૪ ના પેજ નં.૨૬નાં ક્રમ નં.૬૧૭૭ પર નોંધાયેલ હતો એ તે કરાર વખતે જ આરોપીને રૂા.૧ ,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પૂરા રોકડા ફરિયાદીએ આપેલ હતા અને ત્યાર બાદ રૂા.૫૦,૦૦૦/– અંકે રૂપિયા પચ્ચાસ હજાર પૂરા મળી, એમ કુલ  રૂા.૧,૫૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પચ્ચાસ હજાર પૂરા આપેલા હતાં.

(૧.૧)પરંતુ આરોપીએ ફરિયાદીનું અરસપરસ થયેલ સમજુતી કરાર મુજબ કામ કરવા હાજર થયેલ ન હતા અને વારંવાર ફોન કરવા છતાં સંતોષકારક જવાબ ન આપતા તા.૦૬–૦૩–૨૦૨૫ના રોજ ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પોલીસ ફરિયાદ પણ કરેલ હતી. ત્યારબાદ ફરિયાદી તથા આરોપી વચ્ચે સમજુતિ થતાં આરોપીએ ફરિયાદીને જણાવેલ હતું કે, '' હાલ મજૂરો મળતાં ન હોય, તેથી અરસપરસ થયેલ સમજુતિ કરાર મુજબ કામ કરી શકીએ તેમ ન

હોય, તેમને રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ જે અમારે તમોને આપવાના છે, તેનો ચેક આપીએ છીએ.'' એટલે ફરિયાદીએ આરોપીએ આપેલ ચેક સ્વીકારેલ હતો.

(૧.૨) ફરિયાદીને આરોપીએ લીધેલ રકમ રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પૂરાનો '' બેંક ઓફ બરોડા '' મીઠાપુર શાખાનો તા.૧૨–૦૫–૨૦૨૫ ની તારીખનો ચેક નં.૦૦૦૦૧૦ નો ચેક આપેલ અને એવા વચન, વિશ્વાસ અને ભરોસો આપેલ કે, તમો ચેક બેંકમાં નાખ્યેથી નાણાંની વસૂલાત થઈ જશે.

(૧.૩)ત્યારબાદ, આરોપીએ આપેલ ચેક ફરિયાદીએ તેમના બેંક ઓફ બરોડાની દ્વારકા શાખામાં વસૂલાત માટે નાખેલ, પરંતુ તે ચેક તા.૧૩–૦૫–૨૦૨૫ નાં રોજ વગર વસૂલાતે **" A/C DORMANT "** નાં શેરા સાથે પરત થયેલો હતો, જેથી ફરિયાદીએ આરોપીને ગત તા.૨૯–૦૫–૨૦૨૫ નાં રોજ ફરિયાદીનાં વિદ્વાન વકીલશ્રી મારફતે રજીસ્ટર એ. ડી.થી નોટિસ મોકલાવેલ હતી, જે આરોપીને ગત તા.૦૩–૦૬–૨૦૨૫ નાં રોજ મળી ગયેલી હતી.

(૧.૪) આમ, આરોપીએ ફીરયાદીને તેના કાયદેસરનાં લેણાં પેટે આપેલ ચેક નં.૦૦૦૦૧૦ કુલ રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પૂરાનો વગર વસૂલાતે પરત ફરતાં ફરિયાદીએ આપેલ લીગલ નોટિસ આરોપીને મળી ગયેલ હોવા છતાં આરોપીએ ફરિયાદીની કાયદેસરની લેણાની રકમ ચૂકવેલ ન હોય, તેથી ધી

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળે ફોજદારી સજાને પાત્ર ગુનો કરેલ છે, જેથી હાલની ફરિયાદ લાવી, ફરિયાદીએ અદાલત સમક્ષ એવી દાદ માંગેલ હતી કે, આરોપી સામે ધી`નગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ-૧૩૮ મુજબ વોરંટ કાઢી, આરોપીને પકડી મંગાવી, આરોપી સામે કાયદેસરની કાર્યવાહી ચલાવી, સખત કેદ, સજા તેમજ સખત નસીહતે પહોંચાડવા અરજ ગુજારેલી છે તેમજ આ કામનાં આરોપીને ચેકની રકમની બમણી રકમનો દંડ એટલે કે, ચેકની રકમનાં રૂા.૧,૦૦,૦૦૦/-નો બમણો દંડ રૂા.૨,૦૦,૦૦૦/- કરી, તે રકમમાંથી ફરિયાદીને વળતર અપાવવા તથા ફરિયાદ અનુસંધો બીજી જે કાંઈ દાદ અપાવવી ઘટે, તે તમામ દાદ અપાવવા અરજ ગુજારેલી હતી.

(૨) ફરિયાદીએ ઉપરોકત હકીકતવાળી ફરિયાદ રજૂ કરતાં આ અદાલત દ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૪ની જોગવાઈ અન્વયે આરોપી વિરૂધ્ધ ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયેના ગુના સબબના સમન્સ ઈસ્યુ કરતા આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતાં અને આરોપી તેમના વિધ્વાન વકીલશ્રી સાથે અદાલત રૂબરૂ ઉપસ્થીત થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે આરોપીને ફરિયાદ તથા તેની સાથે ફરિયાદીએ રજૂ કરેલ દસ્તાવેજોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યાર બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૧ ની જોગવાઈ મુજબ આંક-૧૧થી આરોપીનો જવાબ (પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન

રાખતા સદરહુ ફરિયાદનું કામ ફરિયાદપક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

## (૩) <u>ફરિયાદપક્ષનો પુરાવો</u> :–

(૩.૧) આરોપી સામેના ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ કલમ–૧૩૮ ના ગુનાનો આરોપ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે નીચે મુજબનો વિગતવાર પુરાવો રજૂ કરેલ છે.

| –:: ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક પુરાવો ::– | | |
|---|---|---|
| અનુ.નં | સાહેદનુ નામ અને પ્રકાર | આંક |
| ૧. | ફરિયાદી બાલાભાઈ રાજાભાઈ કાછેલા ની સરતપાસનું સોગંદનામુ | 5 |
| –:: ફરિયાદપક્ષે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવો ::– | | |
| અનુ.નં | દસ્તાવેજનો પ્રકાર | આંક |
| 1 | પક્ષકારો વચ્ચે થયેલ અરસ પરસનો સમજુતિ કરાર. | 15 |
| 2 | ફરિયાદીએ અગાઉ દવારકા પોલીસ ઈસ્પેકટરશ્રી સમક્ષ આરોપી સામે કરેલી પોલીસ ફરિયાદની નકલ. | 16 |
| 3 | વાદગ્રસ્ત તા.૧૨–૦૫–૨૦૨૫ નાં રોજનો, કિંમત રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પૂરાનો, ફરિયાદીનાં નામ જોગનો, આરોપીનાં ખાતાં અને નામ વાળો અસલ ચેક નં.૦૦૦૦૧૦. | 17 |
| 4 | સદર આંક–૧૭ વાળો વાદગ્રસ્ત ચેક રીટર્ન થયેલો હોવા અંગેો બેંકનો રીટર્ન મેમો. | 18 |

| | | |
|---|---|---|
| 5 | ફરિયાદીએ આરોપીને આપેલી લીગલ નોટિસની સ્થળપ્રત. | 19 |
| 6 | ફરિયાદીએ આરોપીને આપેલી સદર લીગલ નોટિસ આરોપીને ભારતીય ડાક વિભાગ– પોષ્ટ ખાતાં મારફતે મોકલાયેલી હોવા અંગેની પોષ્ટ ખાતાંની સફેદ પાવતિ– પહોંચ. | 20 |
| 7 | ફરિયાદીએ આરોપીને આપેલી સદર લીગલ નોટિસ આરોપીને ભારતીય ડાક વિભાગ– પોષ્ટ ખાતાં મારફતે મળી ગયેલી હોવા અંગેની ટ્રેક કન્સાઈનમેનટ. | 21 |
| 8 | ફરિયાદીાનં આધાર કાર્ડની નકલ. | 22 |

(૩.૨) આરોપી પક્ષ તરફે ફરિયાદીની ઉલટ તપાસ કરવા માટે કોઈ હાજર રહેલ ના હોય, આરોપીનો ફરિયાદીની ઉલટ તપાસ કરવા માટેનો હકક બંધ કરતો હુકમ આ કામે આંક–૧૨ થી ફરમાવવામાં આવેલો હતો.

(૩.૩) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૩થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી પોતાનો પુરાવો પુરો થઈ ગયેલ હોવાનુ જાહેર કરેલ.

## (૪) <u>આરોપીનુ વિશેષ નિવેદન :–</u>

(૪.૧) ફરિયાદપક્ષનો પુરાવો રજૂ થયા બાદ ફરિયાદીની ઉલટતપાસ માટે આરોપી હાજર રહેલ નથી તેમજ આરોપીને ટ્રાયલ અને તારીખની જાણ હોવા છતાં અને પર્યાપ્ત તક આપવા છતાં ઘણા સમયથી હાજર ન રહીને ટ્રાયલ પ્રોસીડીંગને ઈરાદાપૂર્વક અને સ્વૈચ્છિક રીતે ટાળેલ છે. જેથી નામદાર ગુજરાત હાઈકોર્ટના

સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૬૭૨૧/૨૦૨૩માં મનોજ વાસુદેવ સોમપુરા વિ. ગુજરાત રાજ્યના કેસમાં તા.૧૫/૦૯/૨૦૨૩ના રોજ આપવામાં આવેલ ચુકાદામાં સ્થાપિત સિધ્ધાંત મુજબ હાલનો કેસ આરોપીના ક્રિમીનલ પ્રોસીજર કોડની ક.૩૧૩ મુજબના નિવેદનનો હક્ક બંધ કરેલ હોઈ, હાજર ફરીયાદીની દલીલો સાંભળી આરોપીની ગેરહાજરીમાં આરોપી હાજર ન હોઈ કે કોઈ અરજી ન હોઈ ઠરાવ માટે રાખવામાં આવેલ છે.

## (૫) <u>બચાવપક્ષનો પુરાવો</u> :-

(૫.૧) આરોપીએ પોતાના બચાવ માટે વિટનેશ બોક્ષમાં આવેલ નથી કે તેઓ તર્ફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ નથી. આમ આરોપીએ પોતાના બચાવ માટે ફરિયાદીના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે.

## (૬) <u>દલીલો</u> :-

(૬.૧) ફરિયાદીના વકીલશ્રીએ તેમની ફરિયાદ મુજબની રજૂઆત કરેલ છે, અને વિશેષમાં જણાવેલ છે કે, આરોપીએ ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાને પડકારવામાં આવેલ નથી, જેથી ફરિયાદપક્ષે પોતાની ફરિયાદમાં જણાવેલ તમામ હકીકતો સાચી હોય તેમજ ફરિયાદીની આરોપી દ્વારા ઉલટ તપાસ પણ લેવામાં આવેલ નથી. જે ધ્યાને લેતાં પણ ફરિયાદ પક્ષની તમામ હકીકત સાચી હોય સદર ફરિયાદમાં માગ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલ

છે. આરોપી તરફે હાજર રહીને કોઈ દલીલો કરવામાં આવેલ નથી.

(૭) આ કામે ફરિયાદી તરફે કરવામાં આવેલ ઉપર મુજબની દલીલો, ફરિયાદીની ફરિયાદ હકીકત, આ ફરિયાદના કામે રજૂ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી–પુરાવો, ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ:૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેતા સદરહુ ફરિયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.:–

**::– મુ દ્દા ઓ –::**

૧. શું ફરિયાદપક્ષ સાબિત કરે છે કે, ફરિયાદીને કાયદેસરના લ ેણાં પેટેનો **આંક–17** થી રજૂ ચેક આપેલ અને તે ચેક **"A/C DORMANT"**ના શેરા સાથે પરત થયેલ, જેની લેખિત નોટીસ આરોપીને જાણ થયેલ હોવા છતાં આરોપીએ ચેકના નાણાંની ચૂકવણી સમય મર્યાદામાં ન કરીને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબનાં છે :–

**::– નિ ર્ણ યો –::**

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા ન્યાયિક નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે :–

**::– કા ર ણો –::**

**મુદ્દા નં. ૧ :–**

(૧૦) આ કામે રજૂ થયેલ પુરાવાની ચર્ચા કરતાં અગાઉ કાયદાની પરિસ્થિતિ અંગે જોઈએ તો, ચેક એ વિનિમયપત્ર છે અને વિનિમયપત્ર અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ જો વિરુધ્ધનું પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ, સ્વીકારવાનો સમય, તબદીલીનો સમય, શેરાઓના ક્રમ, ગૂમ થયેલ વિનિયમપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનૂની અનુમાન ધારણા કરી લેવામાં આવશે, તેવી જ રીતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ વંચાણે લેતાં તેમાં પણ '' જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે, ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક, કોઈ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: ફેડવા માટે મેળવ્યો હતો.'' આમ, કલમ–૧૩૯ની જોગવાઈઓ જોતાં ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં

આવેલ છે. તેવી જ રીતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનિમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપુર્ણ ક્રોસ હોય કે અર્પૂણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રથમદર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સતા હસ્તાતંર કરે છે કે, તેમાંની અપુર્ણ વિગત અથવા અન્ય જરુરી ભરવાની વિગત તેણે સંપુર્ણ કરી લઈ વિનિમયપત્ર ઉપયોગમાં લ ેવાનો છે. આમ, ઉપરોકત નોંધેલ કલમ–૧૧૮,૧૩૯, અને ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણા હાથ ઉપરના કેસમાં, ફરિયાદી વિનિયમપત્રનો ધારણકર્તા હોવાનુ માનવાને સબળ કારણ રહે છે. એ ખરું છે કે, કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે, અને જો વિરુધ્ધનું પુરવાર કરવામાં આવે તો તેનું કાનુની મુલ્ય રહેતું નથી. આમ વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુમાન કરવામા આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮મા દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. વણચુકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવું કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવું અનુમાન કરવામાં આવશે. આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણ ચુકવ્યા ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર પર રહે છે. આમ, કલમ ૧૧૮(એ) અને ૧૩૯ ના અનુમાનો એ કાયદાના અનુમાનો છે અને આરોપી તરફથી જયાં સુધી વિરૂધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી

તે ખંડીત થતા નથી. આ કામે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે આરોપીએ જેવો શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં પણ આવવાની જરૂર રહેતી નથી, એટલે કે અનુમાનનું ખંડન આરોપી, ફરિયાદપક્ષે જે પુરાવો રજૂ કરેલો છે તેમાં શંકા ઉભી કરીને પણ કરી શકે છે.

(૧૧) આ કામે આરોપી સામે એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનો આક્ષેપ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ –૧૩૮ ના ગુનાના તત્વો નીચે મુજબ છે:–

**૧: કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઈએ.**

**૨: ચેકના લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે જ ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.**

**૩: ચેક લખ્યા તારીખથી ત્રણ માસની સમયમર્યાદામાં કલીયર થવા માટે બેન્કમાં રજૂ થયેલ હોવો જોઈએ.**

**૪: ચેકનો અનાદર થયા બાદ બેન્ક તરફથી માહિતી મળ યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટીસ આપીને ચેકમાંની રકમની માગણી કરેલી હોવી જોઈએ.**

**પ: નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ અને પછી તરતના ૩૦ દિવસમાં ફરિયાદ કરેલી હોવી જોઈએ.**

**૬: દેવુ કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.**

(૧૧.૧) આમ, ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરિયાદ પક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય.

(૧૨) આ કામે રજૂ પુરાવો જોતાં, આંક– 17થી આરોપીએ ફરિયાદીને તા.૧ ૨–૦૫–૨૦૨૫ના રોજનો લખી આપેલો, રૂ.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પૂરાનો ચેક રજૂ થયેલ છે, જે ફરિયાદીએ બેન્કમા કલેકશન માટે રજૂ કરતાં આ ચેક **" A/C DORMANT "**ના કારણે પરત થયેલ છે તે અંગેનો બેન્કનો રીર્ટનમેમો તા.૧૩–૦૫–૨૦૨૫ નો આંક– 18 થી રજૂ થયેલ છે જે ધ્યાને લેતા આરોપીએ ફરિયાદીને આપેલ ચેક પરત થયેલાનુ પુરવાર થાય છે. તેમજ આંક– 17 થી આરોપીએ આપેલ ચેક પરત ફરતા, ફરિયાદીએ અગાઉ દવારકા પોલીસ ઈસ્પેકટરશ્રી સમક્ષ આરોપી સામે કરેલી પોલીસ ફરિયાદની નકલ રજૂ કરેલી છે, ફરિયાદીએ આરોપીને રજી.એડી.પોસ્ટરથી આપેલ વૈધાનિક નોટીસની સ્થળપ્રત આ કામે આંક–૧૯થી રજૂ થયેલી છે તેમજ આં

ક–૨૦ થી ફરિયાદીએ આરોપીને આપેલી સદર લીગલ નોટિસ આરોપીને ભારતીય ડાક વિભાગ– પોષ્ટ ખાતાં મારફતે મોકલાયેલી હોવા અંગેની પોષ્ટ ખાતાંની સફેદ પાવતિ– પહોંચ રજૂ થયેલી છે તેમજ ફરિયાદીએ આરોપીને આપેલી સદર લીગલ નોટિસ આરોપીને ભારતીય ડાક વિભાગ– પોષ્ટ ખાતાં મારફતે મળી ગયેલી હોવા અંગેની ટ્રેક કન્સાઈનમેનટ આંક–૨૧ થી રજૂ થયેલ છે તેમજ ફરિયાદીાનં આધાર કાર્ડની નકલ આંક–૨૨ થી રજૂ થયેલી છે, જે દસ્તાવેજોનો અભ્યાસ કરતાં અને ધ્યાને લેતાં, આ કામના ફરિયાદીને સમયમર્યાદામાં ફરિયાદ દાખલ કરવા કોઝ ઓફ એક્શન ઉભું થયાનું ફલીત થાય છે.

(૧૩) આ કામે ફરિયાદપક્ષે રજુ પુરાવો જોતાં, આંક–૧૫નો સમજુતી કરાર ફરિયાદી અને આરોપી વચ્ચે બાંધકામ માટે થયેલ છે અને આંક–૧૬થી રજુ ફરિયાદ જોતા ફરિયાદીએ પોલીસને કરેલ ફરિયાદ છે એડવાન્સ પેમેન્ટની રકમ રૂ.૧,૫૦,૦૦૦/– આરોપી પાસેથી લેવાની નીકળતી હોવાનું જણાઈ આવે છે. ફરિયાદીના જણાવ્યા અનુસાર બંને વચ્ચે સમજુતી થતાં આરોપીએ ફરિયાદીને રૂ.૧,૦૦,૦૦૦/–નો જે આંક–૧૭નો ચેક આપેલ હોવાનું ફલિત થાય છે. જે ચેક આંક–૧૮ના રીટર્ન મેમામાં જણાવ્યા મુજબ સ્વીકારાયેલ નથી. આ રીતે ફરિયાદીનું આરોપી પરનું કાયદેસરનું લેણું પુરવાર થાય છે. આરોપીએ આપેલ ચેક આરોપીની વિશેષ જાણકારી છે અને તે આવો બચાવ લેતા હોય તો તે પુરવાર કરવાની સાબિતીનો બોજો ફરિયાદી પર ખસેડી શકાય નહિ. અને આરોપી પોતાનો બચાવ ઉભો કરી શકવામાં નિષ્ફળ જાય તો પણ તેને નિર્દોષ

માનવો તેવું કાયદાનું અનુમાન નથી. ભારતીય પુરાવાની ધારાની ક.૧૦૬ મુજબ આવો બચાવ સાબિત કરવાની જવાબદારી માત્ર આરોપીની જ છે. આ અંગે નામદાર દિલ્હી હાઈકોર્ટ દ્વારા CRL.M.C.212/2021 & Crl.M.A. 1084/2021 માં ***Summy Bhasin vs State of NCT of Delhi*** ના કેસમાં તા.૧૦/૦૩/૨૦૨૧ના રોજ આપવામાં આવેલ ચુકાદામાં ઠરાવેલ છે કે:

> “10. An offence under Section 138 of the N.I. Act is technical in nature and defences, which an accused can take, are inbuilt; for instance, the cheque was given without consideration, the accused was not a Director at that time, accused was a sleeping partner or a sleeping Director, cheque was given as a security etc, etc., the onus of proving these defences is on the accused alone, in view of Section 106 of the Indian Evidence Act, 1872. Since the mandate of the legislature is the trial of such cases in a summary manner, the evidence already given by the complainant by way of affidavit is sufficient proof of the offence and this evidence is not required to be given again in terms of section 145(1) of the N.I. Act and has to be read during the trial. The witnesses i.e.

the complainant or other witnesses can be recalled only when the accused makes such an application and this application must disclose the reason why the accused wants to recall the witnesses and on what point the witnesses are to be cross examined.

11. The offence under Section 138 of the N.I. Act is an offence in the personal nature of the complainant and since it is within the special knowledge of the accused as to why he is not to face trial under section 138 N.I. Act, he alone has to take the plea of defense and the burden cannot be shifted to complainant. There is no presumption that even if an accused fails to bring out his defense, he is still to be considered innocent. If an accused has a defense against dishonor of the cheque in question, it is he alone who knows the defense and responsibility of spelling out this defense to the Court and then proving this defense is on the accused. Once the complainant has brought forward his case by giving his affidavit about the issuance of cheque, dishonor of cheque, issuance of demand notice etc., he can be cross-examined only if the accused makes an

application to the Court as to, on what point he wants to cross examine the witness (es) and then only the Court shall recall the witness by recording reasons thereto."

(૧૫) **<u>હાલના કેસમાં ફરિયાદીની જવાબદારી સિવિલ કેસની જેમ પોતાનું લેણું પુરવાર કરવાની નથી</u>.** હાલનો આંક–૧૮ નો ચેક જયારે આરોપી દ્વારા ફરિયાદીને આપવામાં આવેલાનું પુરવાર થયેલ છે ત્યારે તેની સાથે કાયદાનું અવેજનું અનુમાન રહેલું છે. ત્યારબાદ પુરાવાનો બોજો આરોપી પર આવતા આ અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપી પર રહેલ છે. આ અંગે નામદાર સીપ્રીમ કોર્ટે પોતાના તા.૧૭/૧૦/૨૦૧૯ના ક્રિમીનલ અપીલ નં.૧૫૪૫/૨૦૧૯માં ***<u>ઉત્તમ રામ વિ. દેવિન્દર સિંઘ</u>***ના કેસમાં આપેલ ચુકાદામાં કરેલ નીચે મુજબના અવલોકન કરેલ છે.

"The accused has failed to lead any evidence to rebut the statutory presumption, a finding returned by both the Trial Court and the High Court. Both Court not only erred in law but also committed perversity when the due amount is said to be disputed only on account of discrepancy in the cartons, packing material or the rate to determine the total liability as if the appellant was proving his debt before the Civil Court. Therefore, it is presumed that

> the cheques in question were drawn for consideration and the holder of the cheques, i.e. the appellant received the same in discharge of an existing debt. The onus, thereafter, shifted on the accused-appellant to establish a probable defence so as to rebut such presumption, which onus has not been discharged by the respondent."

(૧૬) આરોપીએ માત્ર સંભવિત બચાવ રેકર્ડ પર લાવવાનો છે અને આવું તે માત્ર ફરિયાદીની ઉલટ તપાસ થકી પણ કરી શકે છે. વધુમાં, આવો બચાવ ઉપર જણાવ્યા મુજબની એન.આઈ.એકટની ક.૧૧૮ અને ક.૧૩૯ની જોગવાઈઓ મુજબના અનુંમાનોનું ખંડન કરી શકે તેટલો સક્ષમ, સચોટ અને માનવાને લાયક હોવો જોઈએ. પરંતુ ફરિયાદીના કેસ પર શંકા ઉભી કરવા આ કામે બચાવપક્ષ તેવી પ્ર બળ સંભાવના બની શકે તેવુ કોઈ મટીરીય લ રેકર્ડ ઉપર લાવી શકેલા નથી. આરોપીએ એ દર્શાવવાનું છે કે તેમના દ્વારા ફરિયાદીને આપવામાં આવેલ ચેક ફરિયાદી જણાવે છે તે એડવાન્સ આપેલ તે પરત કરવા પેટે ન હતો. આરોપીએ અવેજનું બિન–અસ્તિત્વ પુરવાર કરવાનું છે. આરોપીએ એવી હકિકતો અને સંજોગો રેકર્ડ પર લાવવાના છે જેનાથી કોર્ટ એવા તારણ પર આવી શકે કે, **<u>કાં તો અવેજનું અસ્તિત્વ જ ન હતું</u>** અથવા **<u>અવેજનું બીન અસ્તિત્વ એટલું બધું સંભવ હતું</u>** કે, સામાન્ય બુધ્ધિશાળી વ્યકિત એવું માનીને ચાલી શકે કે, આવા કેસના સંજોગોમાં અવેજ ખરેખર અસ્તિત્વ ધરાવતું ન

હતું. પરંતુ આગળ ઉપર ચર્ચા કરવામાં આવેલ ઉપરોકત સંજોગોમાં આરોપી જયારે એન.આઈ.એક્ટની કલમ ૧૧૮(એ) અને ૧૩૯ના અનુમાનના ખંડનનો પ્રાથમીક બોજો પોતાના પરથી ખસેડી શકેલ નથી ત્યારે ફરિયાદીએ રજૂ કરેલ રેકર્ડ પરના પુરાવાને જોતાં કલમ ૧ ૩૮ ના તત્વો સંતોષાતા હોઈ, સવાલવાળો ચેક આરોપી દ્વારા ફરિયાદીને કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ હોવાનું પુરવાર થાય છે.

(૧૮) આમ, ઉપરોકત ચર્ચા કરેલ રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરી નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓમાં સ્થાપિત સિદ્ધાંતો મુજબ ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર એ હકિકત નિ:શંકપણે પુરાવાર થાય છે કે, ફરિયાદીએ પોતાનો કેસ પુરવાર કરેલ છે તથા આ કામે આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ હેઠળ કરવામાં આવતા **અનુમાનોનું ખંડન આરોપી કરી શકેલ નથી**. આ ઉપરોક્ત સમગ્ર હકીકત ધ્યાનમાં લેતા મુદ્દા નં. ૧નો જવાબ હકારમાં આપવામાં આવે છે અને આરોપીને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટલ ૧૮૮૧ ની કલમ–૧૩૮ના ગુનામાં દોષિત ઠરાવું છું.

(૧૯) ઉપર મુદ્દા નં.૧માં ચર્ચા કર્યા મુજબ ફરિયાદપક્ષ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શકપણે પુરવાર કરી શકેલ છે, અને ***Varkey vs. State***

***[1989 CriLJ 2357]*** ના ચુકાદામાં નામદાર કેરાલા હાઈકોર્ટ દ્વારા નીચે મુજબ પ્રસ્થાપીત કરેલ છે કે મેજીસ્ટ્રેટ દ્વારા સમન્સ ટ્રાયેબલ કેસમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) મુજબ સજાનો હુકમ કરતા સમયે સજા અંગે આરોપીને સાંભળવાની જરૂર નથી  અને હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ પ્રક્રિયાથી ચાલેલ હોવાથી આરોપીને સજા અંગે સાંભળવા ની જરૂરિયાત જણાતી નથી:

"2. Offence Under Section 289, I.P.C. is punishable with imprisonment of either description for a term which may extend to six months or with fine which may extend to one thousand rupees or with both. Such an offence is to be tried as a summons case. Section 255 of the Code of Criminal Procedure deals with acquittal or conviction of accused tried in a summons case. Clause (2) of that Section 2 states where the Magistrate does not proceed in accordance with the provisions of Section 325 or  Section 360, he should, if he finds the accused guilty, pass sentence upon him according to law. This provision does not enjoin the trial Magistrate to hear the accused on the question of sentence as provided by Section 248(2) of the Cr. P.C. Provisions similar to Section 248(2) is contained in Section 235(2) of the Code as well. Those

provisions deal with cases tried as warrant cases or as sessions cases respectively. From the scheme of the above provisions it is evident that Courts convicting an accused charged with graver offences have to hear them on the question of sentence. Accused tried for lesser offence as in the case of summons case, such provision is conspicuously absent. Therefore, the learned Sessions Judge was clearly in error in thinking that the fine of Rs. 500/- imposed on the accused in a case tried as a summons case was contrary to the provisions contained in the Cr. P.C. requiring remit of the case to trial Court because the accused was not given opportunity to make his representation on the sentence."

(૨૦) વધુમાં, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સને ૧૯૯૮ માં અને ત્યારબાદ સને ૨૦૦૨ માં સુધારો કરી પ્રકરણ ૧૭ માં કલમ–૧૩૮ થી કલમ–૧૪૭ ની જોગવાઈઓ કરવામાં આવેલી છે કે જેનાથી કાયદાની મજબુત પકકડ બની શકે. કારણ કે આ એકટનો ઉદ્દેશ ઝડપથી બદલાતી વ્યાપારિક અને આર્થિક પરિવેશમાં નાંણાના આદાન પ્રદાન માટે છે. વ્યવહારમાં વિશ્વાસ અને ધંધાની લેવડ દેવડમાં આસ્થા રહે તે માટે છે. જેથી તેનો ગેરલાભ અને ગેર ઉપયોગ થતો અટકાવવા માટે પગલાં લેવાની કોર્ટની ફરજ છે કે જેના દ્વારા ચેકથી થતાં વ્યવહારો સુરક્ષિત બનાવી

શકાય. તેમજ નામદાર કેરાલા હાઈકોર્ટનો ***M.V. Nalinakshan vs. M. Rameshan [2009 CRI. L.J 1703]*** ના ચુકાદા માં કરવામાં આવેલ નીચે મુજબના અવલોકન મુજબ આરોપી ને પ્રોબેશન ઓફ એફેન્ડર્સ એકટની કલમ–૩ અને ૪ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચીત જણાતો નથી.

“The Court must therefore, be satisfied before invoking Section 4(1) of the PO Act that it is apt and suitable to the end in view and to the circumstances of the case to do so. Offence under Section 138 of the Act is punishable with imprisonment or with fine which may extend to twice the amount of the cheque or with both. Section 357(1)(b) of the Code empowers the Court to order the whole or part of fine recovered to be paid as compensation for loss or injury caused by the offence. Section 357(3) of the Code also is applicable to a person found guilty under Section 138 of the Act. A learned Judge of this Court pointed out in Anilkumar Vs. Shammy (2002(3) KLT 852) that normally a direction for payment of compensation under Section 357 of the Code should follow a successful prosecution under Section 138 of the Act. Learned Judge observed that "if there are

sufficient and compelling reasons, the Court must specify such reasons in the judgment and then only choose not to invoke the powers under S.357 of the Criminal Procedure Code.". The scheme of the Act is to compensate the payee or holder in due course on successful prosecution of the offender for the loss or injury he has suffered. Responsibility of awarding compensation to the payee or holder in due course is bestowed on the Court. Causing dishonour of cheque due to insufficiency of funds and non-payment of the amount within the prescribed time even after dishonour intimation and demand for payment of the amount is not an emotional act done under any compulsion of circumstances. In my view, having regard to the object of introducing Section 138 of the Act and the nature of that offence, there is little scope for reforming a person who is proved to have committed the offence punishable under Section 138 of the Act and directing him to execute bond and in the meantime be of good behaviour and keep peace in the locality for any period whatsoever. As such it is not expedient to release a person convicted of the offence under Section 138 of the Act on probation under Section 4(1) of the

PO Act. Learned Magistrate was not correct in invoking Section 4(1) of the PO Act. That part of the judgment therefore, is liable to be set aside and, I do so.”

(૨૧) આ કામના આરોપી આજ રોજ હાજર રહેલ નથી. તેમના વિ.વકીલશ્રી પણ હાજર રહેલ નથી કે આરોપી તરફે કોઈ અરજી પણ આપવામાં આવેલ નથી. આ સંજોગોમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટે ***Sharad Jethalal Savla Vs. State of Gujarat*** [***2017(3) GLH 146]*** ના કેસમાં નિર્ણિત કર્યા મુજબ આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવાનું તદ્દન યોગ્ય, ન્યાયી અને કાયદેસર ઠરાવેલ છે.

(૨૨) વધુમાં, આવા સંજોગોમાં આરોપી ચુકાદાની વિના મુલ્ય નકલ મેળવવા પણ હકદાર નથી. નામદાર સુપ્રીમ કોર્ટે ક્રિમીનલ અપીલ નં.૮૯૩૫/૧૮માં ***Rajesh Ponnada vs Satyanarayana Srirangam, Anr***. ના કેસમાં તા.૨૯/૦૧/૨૦૧૯ના રોજના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે:

“S.353(6) CrPC stipulates that on the date of judgement, the accused has to be present unless on earlier occasions his personal appearance has been dispensed with. S.363(1) of the CrPC provides that on being convicted, the accused is entitled to a copy of the judgement free of cost. S.363(1)of CrPC entitling the accused for free copy of judgment has to be read harmoniously with S.353(6). The present petitioner

having **not appeared before the Court of the date of judgement cannot as of right seek for supply of the copy of the judgement**."

(૨૩) આ થી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા હાલની ફરિયાદ વાળો તકરારી ચેક આપેલ હોવાની ફલીત થતી હકીકત ધ્યાને રાખી ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની **કલમ–૧૩૮** ની જોગવાઈ કરવાનો ધારાસભાનો આશય ધ્યાને રાખી તથા **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૨૯**ની જોગવાઈ ધ્યાને લઈને **મુદ્દા નંબર–૨** પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરું છું.

**આખરી હુકમ**

૧. આ કામના આરોપી **ધનાભાઈ મુરાભાઈ ચાનપા,** ઉંમર વર્ષ : આશરે : ૪૬, ધંધો : કડીયા કામ, ઠેકાણું : ગઢેચી, રહેવાસી : ગઢેચી : ૩૬૧૩૩૫, તાલુકો : દ્વારકા, જિલ્લો : દેવભૂમિ દ્વારકાવાળાને ક્રિ મીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫ (૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૨. હાલના કામના આરોપીને આથી આદેશ કરવામાં આવે છે કે, તેઓએ ચેકની રકમ કરતાં બમણી રકમ એટલે કે, રૂા.૨,૦૦,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ પૂરા, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૫૭ હેઠળ વળતર પેટે **દિન–૩૦માં** હાલના

કામના ફરિયાદી **બાલાભાઈ રાજાભાઈ કાછેલા,**ઉંમર વર્ષ : આશરે : ૧૯, ધંધો : વેપાર, ઠેકાણું : જલારામ સોસાયટી, રહેવાસી : દ્વારકા, ૩૬૧૩૩૫, તાલુકો : દ્વારકા, જિલ્લો: દેવભૂમિ દ્વારકાવાળાને ચુકવવા. જો સબબ આરોપી સદરહુ વળતર ની રકમ ભરવામાં કસૂર કરે તો, તેવા કસુર બદલ દંડ ગણી બીજી છ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપી તરફે અગાઉ રજુ થયેલ જાતમુચરકા તથા જામીન ખત રદ્દ કરવામાં આવે છે.

૪. આજરોજ તકસીરવાન અદાલતમાં હાજર રહેલા ન હોઈ અને તેઓની ગેરહાજરી અંગે કોઈ કારણ તરફે રજૂ થયેલ ન હોઈ, તકસીરવાન વિરૂધ્ધ સીઆરપીસી નમુના નં.ર નું કલમ ૭૦ અનુસારનું એરેસ્ટ વોરન્ટ, ક્રી.પ્રો.કોડની ક.૪૧૮(૨)અન્વયે તકસીરવાનને જેલમાં મોકલવાના હેતુસર ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : દ્વારકા.
તારીખ: ૦૧/૦૪/૨૦૨૬
(#STENO.:H.N.T.)

**(જગદીશ શંકરભાઈ પ્રજાપતિ)**
**એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ,**
**દ્વારકા.**
(જજ્ઞ યુનિક આઈ. ડી. નં. જી જે ૦૧૨૨૭)